અગ્રતા ક્રમ: ૦૮

વિભાગ :- શ્રમ, કૌશલ્ય, વિકાસ અને રોજગાર વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક :**૧૫/૪/૨૪૪૫**

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથુ સત્ર

વિધાનસભામાં જવાબ આપવાની તારીખઃ ૨૬/૦૨/૨૦૨૪

પ્રશ્નનું શીર્ષક :વડોદરા અને વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં આગ ની ઘટનાઓ

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મતવિસ્તાર:શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા)

અગ્રતા ક્રમ : ૦૮

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૪૪૫

### અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક નોંધ | |
| **પેટા પ્રશ્ન-૧** | વડોદરા અને વલસાડ શહેર અને જિલ્લામાં કુલ કેટલા કારખાના કારખાના ધારા હેઠળ નોંધાયેલ છે? | **શ્રી કેયુરભાઇ રોકડિયા (સયાજીગંજ)** |
| **પેટા પ્રશ્ન-૨** | કારખાના ધારા હેઠળ ગુના માટે સજાની શું જોગવાઇ છે? | **શ્રી કેયુરભાઇ રોકડિયા (સયાજીગંજ)** |
| **પેટા પ્રશ્ન- 3** | વડોદરા અને વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમા આગની ઘટનામાં મૃત્યુ પામેલ અને ઇજાગ્રસ્ત શ્રમયોગીઓને વર્ષવાર (તા.૦૧-૦૧-૨૦૨૨થી તા.૩૧-૧૨-૨૦૨૨ અને તા.૦૧-૦૧-૨૦૨૩ થી તા.૩૧-૧૨-૨૦૨૩) કાયદેસરનું કેટલુ વળતર ચુકવેલ છે? | **શ્રી ભરતભાઇ પટેલ (વલસાડ)** |
| **પેટા પ્રશ્ન-૪** | વડોદરા અને વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમા આગની ઘટનામાં મૃત્યુ પામેલ અને ઇજાગ્રસ્ત શ્રમયોગીઓને વર્ષવાર (તા.૦૧-૦૧-૨૦૨૨થી તા.૩૧-૧૨-૨૦૨૨ અને તા.૦૧-૦૧-૨૦૨૩ થી તા.૩૧-૧૨-૨૦૨૩) રહેમરાહે કેટલુ વળતર ચુકવેલ છે? | **શ્રી ભરતભાઇ પટેલ (વલસાડ)** |

| | | |
|---|---|---|
| પેટા પ્રશ્ન-૫ | તા:૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને વલસાડ શહેરમાં આગ લાગવાના કેટલા બનાવ બન્યા અને તેમાં કેટલા શ્રમયોગીઓના મૃત્યુ થયા તથા કેટલા ઇજાગ્રસ્ત થયા ? | શ્રી અરવિંદભાઇ પટેલ (ધરમપુર) |
| પેટા પ્રશ્ન-૬ | તા:૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ છેલ્લા બેવર્ષમાં વડોદરા અને વલસાડ જિલ્લામાં આગ લાગવાના કેટલા બનાવ બન્યા અને તેમાં કેટલા શ્રમયોગીઓના મૃત્યુ થયા તથા કેટલા ઇજાગ્રસ્ત થયા ? | |
| પેટા પ્રશ્ન-૭ | ઉપરોક્ત સંદર્ભેતા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કાયદાનુ પાલન ન કરતા કારખાનાઓ સામે શું પગલા લેવામાં આવ્યા? (વર્ષવાર) | |
| પેટા પ્રશ્ન-૮ | તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા અને વલસાડ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન કેટલા કેસ નોધાયા અને કેટલા કેસોનો નિકાલ થયો તથા હાલમાં કેટલા કેસો પડતર છે. ? | |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

તારાંકિત પ્રશ્ન

ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/2445

વિષય:

વડોદરા અને વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં આગની ઘટનાઓ

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
| --- | --- | --- |
| 30/01/2024 | તારીખ 20/02/2024 | 08/02/2024 |

*15/4/2445 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા)

શ્રમ અને રોજગાર જણાવવા કૃપા કરશે કે:-

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને વલસાડ શહેર/જિલ્લામાં આવેલ કયા ઔદ્યોગિક એકમો કે એકમોના યુનિટમાં આગની કેટલી ઘટનાઓ બની,

(૨) ઉક્ત આગની ઘટનાઓમાં કયા એકમોમાં કેટલા કામદારોના મૃત્યુ નિપજ્યા, અને કેટલા કામદારો ઘવાયા છે,

(૩) ઉક્ત આગ લાગવાના કારણો ઉક્ત એકમોવાર મુખ્યત્વે શા હતા, અને

(૪) ઉક્ત સ્થિતિએ તે અન્વયે એકમોવાર જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા?

----

મેઈન પેજ પર જાઓ

# વિભાગે કરેલ જવાબ

**વડોદરા અને વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં આગની ઘટનાઓ**

*** ૧૫/૪/૨૪૪૫ શ્રી શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને વલસાડ શહેર/જિલ્લામાં આવેલ કયા ઔદ્યોગિક એકમો કે એકમોના યુનિટમાં આગની કેટલી ઘટનાઓ બની, | (૧) | અનેક્ષર – ૧ અને ૨ મુજબ |
| (૨) ઉકત આગની ઘટનાઓમાં કયા એકમોમાં કેટલા કામદારોના મૃત્યુ નિપજ્યા, અને કેટલા કામદારો ઘવાયા છે, | (૨) | ઉપર મુજબ |
| (૩) ઉક્ત આગ લાગવાના કારણો ઉક્ત એકમોવાર મુખ્યત્વે શા હતા, અને | (૩) | ઉપર મુજબ |
| (૪) ઉકત સ્થિતિએ તે અન્વયે એકમવાર જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા? | (૪) | ઉપર મુજબ |

---

ઓનલાઇન જવાબ મોકલવાની તા.૨૦/૦૨/૨૦૨૪ ક્ર:વસપ/૧૦૨૦૨૪/તા.પ્ર.-૩૯/મ(૩)

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૨૦/૦૨/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા, સચિવાલય, વલસાડના તા.૦૮/૦૨/૨૦૨૪ ના પત્ર અનુસંધાને જવાબ અપલોડ કરેલ છે.

બિડાણઃ ઉપર મુજબ

(ગગુભા રાજ)
નાયબ સચિવ
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

નકલ રવાનાઃ –

(૧) માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
(૨) માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
(૩) નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમભવન, ખાનપુર, વડોદરા.
(૪) વિધાનસભા કામકાજ માટે વિભાગના નોડલ અધિકારીશ્રી,શ્ર.કૌ.વિ.રો.વિ., સચિવાલય, ગાંધીનગર.
(૫) સેકશન અધિકારીશ્રી(સં.) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) શાખા સિલેકટ ફાઇલ /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ – ૨૦૨૪

8

**વડોદરા અને વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં આગની ઘટનાઓ**

***15/4/2445 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ** (વાંસદા) **: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને વલસાડ શહેર/જિલ્લામાં આવેલ કયા ઔદ્યોગિક એકમો કે એકમોના યુનિટમાં આગની કેટલી ઘટનાઓ બની, | (૧) | અનેક્ષર – ૧ અને ૨ મુજબ |
| (૨) | ઉકત આગની ઘટનાઓમાં કયા એકમોમાં કેટલા કામદારોના મૃત્યુ નિપજ્યા, અને કેટલા કામદારો ઘવાયા છે, | (૨) | ઉપર મુજબ |
| (૩) | ઉક્ત આગ લાગવાના કારણો ઉક્ત એકમોવાર મુખ્યત્વે શા હતા, અને | (૩) | ઉપર મુજબ |
| (૪) | ઉકત સ્થિતિએ તે અન્વયે એકમવાર જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા? | (૪) | ઉપર મુજબ |

**એનેક્ષર –૧**

**વડોદરા શહેર**

| ક્રમ | વર્ષ | ઔદ્યોગિક એકમનું નામ અને સરનામું | નોંધાયેલ મૃત્યુ ની સંખ્યા | નોંધાયેલ ઈજાગ્રસ્ત ની સંખ્યા | બનાવ ના મુખ્ય કારણો | લીધેલ પગલાની વિગત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૨ | વડોદરા શહેર માં વર્ષ - ૨૦૨૨ માં આગ લાગવાના કોઇ બનાવ બનેલ નથી | | | | |
| ૧ | ૨૦૨૩ | સુમિત પેકેજીંગ પ્લોટ નં. ૮૯૩/૩, મકરપુરા, વડોદરા | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટ સર્કીટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| કુલ | | | ૦ | ૦ | | |

**વડોદરા જીલ્લો**

| ક્રમ | ઔદ્યોગિક એકમનું નામ અને સરનામું | નોંધાયેલ મૃત્યુની સંખ્યા | નોંધાયેલ ઈજાગ્રસ્ત ની સંખ્યા | બનાવના મુખ્ય કારણો | લીધેલ પગલાની વિગત |
|---|---|---|---|---|---|
| | | | **૨૦૨૨** | | |
| ૧ | અરવલ્લી કેસ્ટર ડેરિવેટર પ્રાઇવેટ લિમિટેડ મુ:પો: એકલબારા, તા:પાદરા, જી.વડોદરા | ૦ | ૦ | હોટ ઓઇલ લીકેજ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે તથા કુલ–૦૧ ફોજદારી કેસ નામદાર કોર્ટ ખાતે દાખલ કરેલ છે. |
| ૨ | દીપક નાઇટ્રાઇટ લિમિટેડ, ૪/૧૨, જીઆઇડીસી કેમિકલ કોમ્પ્લેક્સ, નંદેસરી, વડોદરા | ૦ | ૧ | ઓવર હીટીંગ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે તથા કુલ–૦૧ ફોજદારી કેસ નામદાર કોર્ટ ખાતે દાખલ કરેલ છે. |
| ૩ | સંદીપ એન્ટરપ્રાઇઝ, પ્લોટ નંબર ૧૦૮૫/બી, નં. સદગુરુ ઓર્ગેનિક, લામડાપુરા રોડ, વડોદરા | ૦ | ૦ | ઈલેકટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| **કુલ** | | **૦૦** | **૦૧** | | |
| | | | **૨૦૨૩** | | |
| ૧ | ન્યૂ સેન્ચ્યુરી ફિલામેન્ટ્સ પ્રા.લી. સી–૧, ૨૧૯/૨, વાઘોડીયા જીઆઇડીસી, વડોદરા | ૦ | ૦ | ઈલેકટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | ન્યુટ્રી બાયો–સોલ્યુશન પ્રાઇવેટ લિમિટેડ, પ્લોટ નં.૧૨/૨૧/ ૨૨, મોરાર ઔદ્યોગિક વસાહત, જાસપુર રોડ, પાદરા, વડોદરા | ૦ | ૦ | પેકીંગ મટીરીયલ માં આગ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે અને કુલ–૦૨ ફોજદારી કેસો નામદાર કોર્ટ ખાતે દાખલ કરેલ છે. |
| ૩ | યુનિવર્સલ મેડીકેપ પ્રાઇવેટ લિમિટેડ મુ.પો. રાણીયા, તા: સાવલી, વડોદરા. | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| ૪ | વિઝન પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ સર્વે નં. ૧૦૪, પી.ઓ. મહુવડ, તા:પાદરા, વડોદરા | ૦ | ૦ | સ્ટેટીક ચાર્જ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે અને કુલ–૦૨ ફોજદારી કેસો નામદાર કોર્ટ ખાતે દાખલ કરેલ છે. |
| ૫ | ડીજીટલ ઇન્ક, ૪૧૮/પી, જીઆઇડીસી મંજુસર, સાવલી, વડોદરા | ૦ | ૦ | ઇલેક્ટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| ૬ | જાઉ કેમટેક પ્રા.લી., સર્વે નં. ૧૦૮૯/બી, પ્લોટ નં.૪, લામડાપુરા રોડ, તા.સાવલી, જિ. વડોદરા | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| **કુલ** | | **૦૦** | **૦૦** | | |

**એનેક્ષર –૨**

**વલસાડ શહેર**

| **ક્રમ** | **વર્ષ** | **ઔદ્યોગિક એકમનું નામ અને સરનામું** | **નોંધાયેલ મૃત્યુ ની સંખ્યા** | **નોંધાયેલ ઈજાગ્રસ્ત ની સંખ્યા** | **બનાવ ના મુખ્ય કારણો** | **લીધેલ પગલાની વિગત** |
|---|---|---|---|---|---|---|
| ૧ | **૨૦૨૨** | વલસાડ શહેર માં વર્ષ - ૨૦૨૨ માં આગ લાગવાના કોઈ બનાવ બનેલ નથી | | | | |
| ૨ | **૨૦૨૩** | વલસાડ શહેર માં વર્ષ - ૨૦૨૩ માં આગ લાગવાના કોઈ બનાવ બનેલ નથી | | | | |

**વલસાડ જિલ્લો**

| **ક્રમ** | **ઔદ્યોગિક એકમનું નામ અને સરનામું** | **નોંધાયેલ મૃત્યુ ની સંખ્યા** | **નોંધાયેલ ઈજાગ્રસ્ત ની સંખ્યા** | **બનાવ ના મુખ્ય કારણો** | **લીધેલ પગલાની વિગત** |
|---|---|---|---|---|---|
| | | | **૨૦૨૨** | | |
| ૧ | આલોક ઈન્ડસ્ટ્રીસ લીમીટેડ (પ્રોસેસ ટફ ડિવઝન) સર્વે નં.૨૬૧, ૨૬૮, ૨૫૪ થી ૨૫૦,૩૫૧ થી ૩૫૮, ગામ–બલીઠા, વાપી, તા.વાપી | ૧ | ૦ | ગેસ કટીંગ સમયે ફ્લેશ ફાયર | કુલ–૦૧ ફોજદારી કેસ નામદાર કોર્ટ ખાતે દાખલ કરેલ છે. |
| ૨ | સિલેકટીવ પ્લીસીંગ ટેકનોલોજી પ્રા.લી., ફર્સ્ટ ફ્લોર, પ્લોટ નં.૧–એ, સર્વે નં. ૪૧૫, શીલા ફોમ નજીક, ગામ–ઝરોલી (ભિલાડ), તા. ઉમરગામ, જિ. વલસાડ | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | … |
| ૩ | અતુલ લિમિટેડ, મુ.પો. અતુલ, તા.જિ. વલસાડ | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| ૪ | એરોકેમ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી., પ્લોટ નં. ૧૫૩/૧૫૪, જી.આઈ.ડી.સી, વાપી, તા. વાપી, જિ. વલસાડ | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| ૫ | ધી સ્ટાન્ડર્ડ કેમિકલ ક. પ્રા.લિ, પ્લોટ નં. ૧૩૦૨/૨, ફેઝ–જીઆઈડીસી વાપી, તા. વાપી, જિ.વલસાડ | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | શ્રીજી વેફર્સ, પ્લોટ નં.૨૨૨, ફેઝ–૨, ઈન્ડ. જીઆઈડીસી વાપી, જી. વલસાડ | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| ૭ | સુપ્રિત કેમિકલ્સ પ્રા.લી, (યુનિટ–૩), પ્લોટ નં.૨૮૦૮, ફેઝ–૩, જી.આઈ.ડી.સી. વાપી, તા.વાપી, જી.વલસાડ | ૩ | ૦ | રેની નીકલ કેટાલીસ્ટ હવાના સંપર્કમાં આવવાથી | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે અને કુલ–૦૧ ફોજદારી કેસ નામદાર કોર્ટ ખાતે દાખલ કરેલ છે. |
| **કુલ** | | **૦૪** | **૦૦** | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | **૨૦૨૩** | | | |
| ૧ | સોહોની ફ્લીક્ષીપેક (ડિવિઝન ઓફ સોહોની મેટલક્રાફટ પ્રા.લી.), પ્લોટ નં.૧૩૦૧,૧૩૦૨,૧૩૦૨/એ, જી.આઈ.ડી.સી. ઉમરગામ, જિ. વલસાડ | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| ૨ | રીષીકા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, સર્વે નં. ૧૮૧૬, ગામ–માંડા , તા. ઉમરગામ, જિ.વલસાડ | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| ૩ | કલાનિધી ક્રોમ ઈન્ડ. એલ એલ પી, પ્લોટ નં. ૦૯ ડી બાલદા, તા. પારડી,જિ.વલસાડ | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| ૪ | સેવન–૧૧ ઈન્ડસ્ટ્રીઝ઼ , પ્લોટ નં. ૨૧૪/૧, શેડ નં. ૨, જીઆઈડીસી – સરીગામ, જિ. વલસાડ | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| ૫ | આર્કિલ કેમ પ્રા.લિ., પ્લોટ નં. ૨૧૪/૧, શેડ નં. જીઆઈડીસી સરીગામ, તા.ઉમરગામ, જિ.વલસાડ | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| ૬ | એન.એસ.કલોથીંગ પ્લોટ નં. ૫૬૨૨, ફર્સ્ટ ફલોર, ફેઝ–૪, જીઆઈડીસી. વાપી, જિ. વલસાડ | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | બનાવ બન્યા અંગેની જાણ ન કર્યા અર્થે કુલ–૦૧ ફોજદારી કેસ નામદાર કોર્ટ ખાતે દાખલ કરેલ છે. |
| ૭ | અનુપ પેઈન્ટસ, પ્લોટ નં. ૭૩૮,૪૦ શેડ એરિયા, જીઆઈડીસી વાપી, જિ.વલસાડ | ૦ | ૧ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| ૮ | મંગલમ ડ્રગ્સ એન્ડ ઓર્ગેનિક લિ. પ્લોટ નં. ૧૮૭, બીજો ફેઝ, જીઆઈડીસી વાપી, જિ.વલસાડ | ૦ | ૨ | રીએક્ટરમાં ચાર્જીંગની કામગીરી કરતી વખતે ફ્લેશ ફાયર | કુલ–૦૧ ફોજદારી કેસ નામદાર કોર્ટ ખાતે દાખલ કરેલ છે. |
| ૯ | ટેનવાલા પર્સનલકેર પ્રા.લિ, સર્વે નં. ૧૮/૨,દહેરી, તા. ઉમરગામ, જિ. વલસાડ | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| ૧૦ | ભારત રેઝીન પ્રા.લિ. (યુનિટ–૨), પ્લોટ નં અ–૧/૨૮૪/૪, જીઆઈડીસી ઉમરગામ, જિ.વલસાડ | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| ૧૧ | રાજીવ ગાર્મેન્ટ, શેડ નં. એ૧–૨૮૪/૩, બીજો ફેઝ, જીઆઈડીસી ઉમરગામ, જિ.વલસાડ | ૦ | ૦ | ઈલેક્ટ્રીક શોર્ટસર્કિટ | પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |
| કુલ | | ૦૦ | ૦૩ | | |

---------------------

મેઈન પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

- પ્રસ્તુત વિધાનસભા પ્રશ્ન ઔદ્યોગિક એકમોમાં અકસ્માત થાય અને તેમાં કોઈ શ્રમયોગીઓનું મુત્યુ થાય તેવા કિસ્સામાં સરકારે કરવાની થતી કાર્યવાહીના સંદર્ભમાં છે.
- જ્યારે કોઈ ઔદ્યોગિક એકમમાં અકસ્માત થાય ત્યારે તે સંબંધીત કાર્યવાહી શ્રમકૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના નિયામકશ્રી ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્ર દ્વારા કરવામાં આવે છે.
- ઉક્ત કચેરીના અધિકારીઓ ઔદ્યોગિક એકમોમાં અકસ્માતના સ્થળની મુલાકાત લઈ, કારખાના ધારા, ૧૯૪૮ હેઠળ એકમની તપાસણી કરે છે.
- જો કોઈ શ્રમયોગી / કર્મચારીનું અવસાન થયેલ હોય તોતાત્કાલિક સહાય પેટે માલિક તરફથી માનવતાના ધોરણે રહેમરાહે વળતર અપાવવાના પ્રયત્ન તંત્ર દ્વારા કરવામાં આવે છે.
- જો ઔદ્યાગિક એકમ કામદાર રાજ્ય વિમા યોજના હેઠળ આવતુ હોય તો કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ માસીક પેન્શન સહાય ચુકવવામાં આવે છે.
- જો ઔદ્યોગિક એકમ કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ આવતું ન હોય તો કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ લેબર કોર્ટ દ્વારા કાયદેસરના વારસદારોને વળતર ચુકવવા ઔદ્યોગિક એકમોને હુકમ કરવામાં આવે છે.
- ઔદ્યોગિક એકમ સામે સાવચેતીના પગલા ન લેવા અંગે નામદાર કોર્ટમાં ફોજદારી કેસ કરવામાં આવે છે અને ન્યાયિક પ્રક્રિયા કરી અદાલત દ્વારા કારખાના સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે છે.

મેઈન પેજ પર જાઓ

## વડોદરા (છેલ્લા બે વર્ષની માહિતી)

| | વર્ષ | આગના બનાવની સંખ્યા | મૃતકની સંખ્યા | ઘાયલની સંખ્યા | કાયદેસરનું વળતર | રહેમરાહે વળતર | કરેલ કાર્યવાહી |
|---|---|---|---|---|---|---|---|
| શહેર | ૨૦૨૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ૨૦૨૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે |
| જિલ્લો | ૨૦૨૨ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૩ પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે તથા ૦૨ ફોજદારી કેસ કરેલ છે |
| | ૨૦૨૩ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૬ પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. તથા ૦૪ ફોજદારી કેસ કરેલ છે |
| કુલ | | ૧૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | |

**નોંધઃ ઉક્ત ૧૦ બનાવો પૈકી ૬ બનાવો ઇલેક્ટ્રીક શોર્ટસર્કિટના કારણે તથા ૪ બનાવો કારખાના ધારાની જોગવાઇઓના ભંગ બદલ બનેલ છે.**

## વલસાડ (છેલ્લા બે વર્ષની માહિતી)

| | વર્ષ | આગના બનાવની સંખ્યા | મૃતકની સંખ્યા | ઘાયલની સંખ્યા | કાયદેસરનું વળતર | રહેમરાહે વળતર | કરેલ કાર્યવાહી |
|---|---|---|---|---|---|---|---|
| શહેર | ૨૦૨૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | -- |
| | ૨૦૨૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | -- |
| જિલ્લો | ૨૦૨૨ | ૦૭ | ૦૪ | ૦૦ | ૧૬,૧૪,૬૦૦ (સોળ લાખ ચૌદ હજાર છસો) | ૪૦,૦૦,૦૦૦ (ચાલીસ લાખ) | ૦૫ પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે તથા ૦૨ ફોજદારી કેસ કરેલ છે |
| | ૨૦૨૩ | ૧૧ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૯ પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. તથા ૦૨ ફોજદારી કેસ કરેલ છે |
| કુલ | | ૧૮ | ૦૪ | ૦૩ | ૧૬,૧૪,૬૦૦ | ૪૦,૦૦,૦૦૦ | |

**નોંધઃ ઉક્ત ૧૮ બનાવો પૈકી ૧૫ બનાવો ઇલેક્ટ્રીક શોર્ટસર્કિટના કારણે તથા ૩ બનાવો કારખાના ધારાની જોગવાઇઓના ભંગ બદલ બનેલ છે.**

**મેઈન પેજ પર જાઓ**

# પૂરક નોંધ

ગુજરાત સરકારના સઘન પ્રયાસથી શ્રમ અને રોજગાર વિભાગનાં નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્ર દ્વારા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કારખાના અધિનિયમ-૧૯૪૮ અને ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ મુજબ વડોદરા જીલ્લાના કુલ-૧૬૩૫ કારખાનાઓમાં તથા વલસાડ જીલ્લાના કુલ- ૧૧૧૮ કારખાનાઓમાં, તપાસણી કરવામાં આવેલ છે તથા આ નિરિક્ષણ દરમ્યાન સદરહું કાયદા તથા નિયમનો ભંગ જણાય ત્યાં કાયદેસરની કાર્યવાહી કરી ફોજદારી કેસ નામદાર કોર્ટમાં દાખલ કરવામાં આવે છે. વધુમાં શ્રમયોગીઓ તથા કબજેદારમાં ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને હેલ્થ અંગે જાગૃતિ વધારવા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જીલ્લામાં કુલ- ૪૬ સેફ્ટી સેમિનારોનુ આયોજન કરેલ, જેમાં કુલ- ૧૩૧૩૨ શ્રમયોગીઓએ ભાગ લીધેલ તથા વલસાડ જીલ્લામાં કુલ- ૨૦ સેફ્ટી સેમિનારોનુ આયોજન કરેલ, જેમા કુલ- ૧૩૭૦ શ્રમયોગીઓએ ભાગ લીધેલ હતો.

વર્ષ ૨૦૨૨ તથા ૨૦૨૩મા વડોદરા શહેર/જિલ્લામા આગના કુલ-૧૦ બનાવ બનેલ છે જેમા કોઇ શ્રમયોગીનું મૃત્યુ થયેલ નથી તથા કુલ-૦૧ શ્રમયોગી ઘાયલ થયેલ છે. જેની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

વડોદરા શહેર/જિલ્લામા બનેલ આગના બનાવમા કુલ ૧૦ પૈકી ૦૬ ઇલેક્ટ્રીક શોર્ટસર્કીટ ના છે જ્યારે કુલ-૦૪ બનાવ કારખાના ધારાની વિવિધ જોગવાઇના ભંગ બદલ બનેલ છે જે અન્વયે ૪ કારખાના સામે નામદાર કોર્ટમા કુલ-૦૬ ફોજદારી કેસો દાખલ કરેલ છે.

વલસાડ શહેર/જિલ્લામા બનેલ આગના બનાવમા કુલ ૧૮ પૈકી ૧૫ ઇલેક્ટ્રીક શોર્ટસર્કીટ ના છે જ્યારે કુલ-03 બનાવ કારખાના ધારાની વિવિધ જોગવાઇના ભંગ બદલ બનેલ છે જે અન્વયે ૪ કારખાના સામે નામદાર કોર્ટમા કુલ-૦૪ ફોજદારી કેસો દાખલ કરેલ છે.

આમ, વડોદરા તથા વલસાડ જિલ્લામા વર્ષ ૨૦૨૨ તથા વર્ષ ૨૦૨૩ મા કુલ-૨૮ આગના બનાવો બનેલ છે. જેમા શ્રમયોગીઓને ઇજા થયેલ છે જયારે કુલ-૦૪ શ્રમયોગીઓના મૃત્યુ થયેલ છે. મૃત્યુ પામેલ શ્રમયોગીઓના કાયદેસરના વારસદરોને તંત્રના પ્રયાસથી માનવાતાના ધોરણે રૂ. ૪૦ લાખ નું ચુકવણું કરાવેલ છે. જયારે મૃત્યુ પામેલ ૦૧ મૃત્યુ પામેલ શ્રમયોગીના વારસદારોને માનવતાના ધોરણે ચુકવાયે વળતર ઉપરાંત કાયદેસરનું વળતર રૂ. ૧૬,૧૪,૬૦૦/- ચુકવાયેલ છે. તથા ૦૩ મૃત્યુ પામેલ શ્રમયોગીઓના વારસદારોને ભારત સરકારના કામદાર રાજ્ય વિમા નિગમ દ્વારા માસિક પેન્સન બંધાયેલ છે.

**મેઈન પેજ પર જાઓ**

# કારખાનાઓમાં થતા અકસ્માતોમાં વળતર

કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓ માં જ્યારે અકસ્માત થાય ત્યારે મૃત્યુ પામેલ શ્રમયોગી અથવા ઇજાને કારણે કાયમી અપંગતા આવે તેવા સંજોગોમા વળતર આપવા માટે ૨ (બે) કાયદા અસ્તિત્વ માં છે.

(૧) કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩

(૨) કામદાર રાજ્ય વિમા અધિનિયમ ૧૯૪૮

જે વિસ્તાર કામદાર રાજ્ય વિમા અધિનિયમ ૧૯૪૮ હેઠળ નોટીફાય થયેલ હોય અને શ્રમયોગીની માસિક આવક રૂ. ૨૧૦૦૦ (એકવીસ હજાર) સુધી હોય તેઓને ભારત સરકારના કાયદા 'કામદાર રાજ્ય વિમા અધિનિયમ ૧૯૪૮' હેઠળ આવરી લેવામા આવે છે અને આ કાયદા હેઠળ આવરી લેવાયેલ શ્રમયોગીઓ ને સદરહુ કાયદા હેઠળ નિયમાનુસાર (છેલ્લા બ્લોકના સરેરાશ પગાર અનુસાર) માસિક પેંશન ભારત સરકારના કામદાર રાજ્ય વિમા નીગમ દ્વારા આપવામા આવે છે જ્યારે જે શ્રમયોગીઓ કામદાર રાજ્ય વિમા અધિનિયમ હેઠળ આવરી લેવામા આવેલ ન હોય તેવા શ્રમયોગીઓને કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ ની જોગવાઇ મુજબ માનનીય લેબર કોર્ટના જજ સમક્ષ નિયમાનુસાર રીકવરી દાખલ કર્યા બાદ માનનીય લેબર કોર્ટના જજશ્રીના દ્વારા શ્રમયોગીની ઉંમર તથા છેલ્લા પગારને ધ્યાને લઇ હુકમ કરવામાં આવે છે અને તે મુજબ કારખાનેદાર દ્વારા વળતર ચુકવવાની કાર્યવાહી કરવામાં આવે છે.

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: ૦૮ | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:**૧૫/૪/૨૪૪૫** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી કેયુરભાઇ રોકડિયા (સયાજીગંજ) | |
| | |
| પેટા પ્રશ્ન ૧ | વડોદરા અને વલસાડ શહેર અને જિલ્લામાં કુલ કેટલા કારખાના કારખાના ધારા હેઠળ નોંધાયેલ છે? |
| **જવાબ** | વડોદરા શહેરમાં ૧૪૭૨ કારખાના અને જિલ્લામાં ૨૭૯૦ કારખાના કારખાના ધારા હેઠળ નોંધાયેલ છે.<br><br>વલસાડ શહેરમાં ૨૪ કારખાના અને જિલ્લામાં ૪૪૧૮ કારખાના કારખાના ધારા હેઠળ નોંધાયેલ છે. |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: ૦૮ | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૨૪૪૫ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી કેયુરભાઇ રોકડિયા (સયાજીગંજ) | |
| | |
| પેટા પ્રશ્ન ૨ | કારખાના ધારા હેઠળ ગુના માટે સજાની શું જોગવાઇ છે? |
| **જવાબ** | કારખાના ધારા ૧૯૪૮ ની કલમ-૯૨ હેઠળ ૧ (એક) લાખ રૂપિયા સુધીના દંડ અથવા ૨(બે) વર્ષ સુધીની કેદની સજા અથવા બન્ને પ્રમાણે દંડની જોગવાઇ છે. પરંતુ અધિનિયમના પ્રકરણ-૪ની સલામતીની કોઈ જોગવાઇઓ અથવા કલમ-૮૭ હેઠળની સલામતીના કોઈ નિયમનું ઉલ્લઘંન થવાથી જો અકસ્માતમાં ગંભીર શારીરિક ઈજા અથવા શ્રમિકનું મૃત્યુ થયેલ હોય ત્યારે, ઇજાના કિસ્સામાં ઓછામાં ઓછો ૫,૦૦૦ રૂપિયાદંડ અને મૃત્યુના કિસ્સામાં ઓછામાં ઓછો ૨૫,૦૦૦ રૂપિયા દંડની જોગવાઈ છે. |

મેઈન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ: ૦૮ | |
|---|---|
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૨૪૪૫ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી ભરતભાઇ પટેલ (વલસાડ) | |
| પેટા પ્રશ્ન ૩ | વડોદરા અને વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમા આગની ઘટનામાં મૃત્યુ પામેલ અને ઇજાગ્રસ્ત શ્રમયોગીઓને વર્ષવાર (તા.૦૧-૦૧-૨૦૨૨થી તા.૩૧-૧૨-૨૦૨૨ અને તા.૦૧-૦૧-૨૦૨૩ થી તા.૩૧-૧૨-૨૦૨૩) કેટલુ કાયદેસરનું વળતર ચુકવેલ છે? |
| જવાબ | કાયદેસર વળતર<br>વડોદરા જિલ્લો<br>(૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ દરમ્યાન વડોદરા જિલ્લામાં કોઇ શ્રમયોગી નુ મૃત્યુ થયેલના હોઇ વળતર ની માહિતી શુન્ય છે તથા ઇજા પામેલ ૦૧ શ્રમયોગીને કોઈ કાયમી અપંગતા ન હોય વળતરની માહિતી શૂન્ય છે.<br>(૨) તા.૦૧-૦૧-૨૦૨૩ થી તા.૩૧-૧૨-૨૦૨૩ દરમ્યાન વડોદરા જિલ્લામાં કોઇ શ્રમયોગી નુ મૃત્યુ કે ઇજાગ્રસ્ત ન હોય વળતરની માહિતી શૂન્ય છે.<br>વલસાડ જિલ્લો<br>(૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ દરમ્યાન વલસાડ જિલ્લામાં મૃત્યુ પામેલ ૦૪ (ચાર) શ્રમયોગીઓ પૈકી ૧ (એક) ને કાયદેસર વળતર રૂ.૧૬,૧૪,૬૦૦/- ચુકવેલ છે તથા ૧ (એક) શ્રમયોગીને કર્મચારી રાજ્ય વિમા યોજના હેઠળ પ્રતિ દિન રૂ. ૩૧૧/- પેન્શન બંધાયેલ છે અને અન્ય ૨ (બે) શ્રમયોગીઓને કર્મચારી રાજ્ય વિમા યોજના હેઠળ ક્લેમ મંજુર થયેલ છે જેઓના પેન્શન બાંધણીની પ્રક્રિયા ચાલુ છે. કોઇ શ્રમયોગી ઇજા પામેલ ના હોઇ ઇજામાં વળતરની માહિતી શૂન્ય છે.<br>(૨) તા.૦૧-૦૧-૨૦૨૩થી તા.૩૧-૧૨-૨૦૨૩ દરમ્યાન વલસાડ જિલ્લામાં કોઇ શ્રમયોગી નુ મૃત્યુ થયેલ ના હોઇ વળતર ની માહિતી શુન્ય છે તથા ઇજા પામેલ ૦૩ (ત્રણ) શ્રમયોગીને કોઈ કાયમી અપંગતા ન હોય વળતરની માહિતી શૂન્ય છે. |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: ૦૮ | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:**૧૫/૪/૨૪૪૫** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી ભરતભાઇ પટેલ (વલસાડ) | |
| | |
| પેટા પ્રશ્ન ૪ | વડોદરા અને વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં આગની ઘટનામાં મૃત્યુ પામેલ અને ઇજાગ્રસ્ત શ્રમયોગીઓને વર્ષવાર (તા.૦૧-૦૧-૨૦૨૨થી તા.૩૧-૧૨-૨૦૨૨ અને તા.૦૧-૦૧-૨૦૨૩ થી તા.૩૧-૧૨-૨૦૨૩) કેટલુ રહેમરાહે વળતર ચુકવેલ છે? |
| જવાબ | રહેમરાહે વળતર<br>વડોદરા જિલ્લો<br>(૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ દરમ્યાન વડોદરા જિલ્લામાં કોઇ શ્રમયોગી નુ મૃત્યુ થયેલ ના હોઇ વળતર ની માહિતી શુન્ય છે.<br>(૨) તા.૦૧-૦૧-૨૦૨૩થીતા.૩૧-૧૨-૨૦૨૩ દરમ્યાન વડોદરા જિલ્લામાં કોઇ શ્રમયોગી નુ મૃત્યુ થયેલના હોઇ વળતર ની માહિતી શુન્ય છે.<br>વલસાડ જિલ્લો<br>(૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ દરમ્યાન વલસાડ જિલ્લામાં મૃત્યુ પામેલ ૦૪ (ચાર) શ્રમયોગીને રહેમરાહે કુલ રૂ.૪૦,૦૦૦,૦૦/- વળતર ચુકવેલ છે.<br>(૨) તા.૦૧-૦૧-૨૦૨૩ થી તા.૩૧-૧૨-૨૦૨૩ દરમ્યાન વલસાડ જિલ્લામાં કોઇ શ્રમયોગી નુ મૃત્યુ થયેલ ના હોઇ વળતર ની માહિતી શુન્ય છે. |

**મેઈન પેજ પર જાઓ**

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: ૦૮ | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:**૧૫/૪/૨૪૪૫** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી અરવિંદભાઇ પટેલ (ધરમપુર) | |
| | |
| પેટા પ્રશ્ન ૫ | તા:3૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને વલસાડ શહેરમાં આગ લાગવાના કેટલા બનાવ બન્યા અને તેમાં કેટલા શ્રમયોગીઓના મૃત્યુ થયા તથા કેટલા ઇજાગ્રસ્ત થયા ? |
| જવાબ | તા:3૧/૧૨/૨૦૨૩ નીસ્થિતીએ<br>વડોદરા શહેરમાં વર્ષ-૨૦૨૨માં આગ લાગવાના કોઇ બનાવ બનેલ ના હોઇ કોઇ શ્રમયોગીનુ મૃત્યુ કે ઇજાગ્રસ્ત થયેલ નથી અને વર્ષ-૨૦૨૩માં આગ લાગવાના ૦૧ (એક) બનાવ બનેલ, જેમાં કોઇ શ્રમયોગીઓનુ મૃત્યુ કે ઇજાગ્રસ્ત થયેલ નથી.<br><br>તા:3૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ<br>વલસાડ શહેરમાં વર્ષ-૨૦૨૨માં આગ લાગવાના કોઇ બનાવ બનેલ ના હોઇ કોઇ શ્રમયોગીઓનુ મૃત્યુ કે ઇજાગ્રસ્ત થયેલ નથી અને વર્ષ-૨૦૨૩માં આગ લાગવાના કોઇ બનાવ બનેલ ના હોઇ કોઇ શ્રમયોગીઓનુ મૃત્યુ કે ઇજાગ્રસ્ત થયેલ નથી. |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: ૦૮ | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૨૪૪૫ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| | |
| પેટા પ્રશ્ન ૬ | તા:૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને વલસાડ જિલ્લામાં આગ લાગવાના કેટલા બનાવ બન્યા? તેમાં કેટલા શ્રમયોગીઓના મૃત્યુ થયા તથા કેટલા ઇજાગ્રસ્ત થયા? |
| **જવાબ** | તા. ૩૧/૧૨/૨૦૨૩નીસ્થિતીએ<br>વડોદરા જિલ્લામાં વર્ષ-૨૦૨૨માં આગ લાગવાના ૦૩ (ત્રણ) બનાવ બન્યા અને કોઇ શ્રમયોગીઓનુ મૃત્યુ થયેલ નથી તથા ૦૧ (એક) શ્રમયોગી ઇજાગ્રસ્ત થયેલ અને વર્ષ-૨૦૨૩માં આગ લાગવાના ૦૬ (છ) બનાવ બન્યા અને તેમાં કોઇ શ્રમયોગીઓનુ મૃત્યુ કે ઇજાગ્રસ્ત થયેલ નથી.<br><br>તા. ૩૧/૧૨/૨૦૨૩નીસ્થિતીએ<br>વલસાડ જિલ્લામાં વર્ષ-૨૦૨૨ માં આગ લાગવાના ૦૭ (સાત) બનાવ બન્યા અને તેમાં ૪ (ચાર) શ્રમયોગીઓના મૃત્યુ થયા તથા કોઇ શ્રમયોગી ઇજાગ્રસ્ત થયેલ નથી અને વર્ષ-૨૦૨૩ માં આગ લાગવાના ૧૧ (અગિયાર) બનાવ બન્યા અને તેમાં કોઇ શ્રમયોગીઓનુ મૃત્યુ થયેલ નથી તથા ૦૩ (ત્રણ) શ્રમયોગીઓ ઇજાગ્રસ્ત થયેલ છે. |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: ૦૮ | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:**૧૫/૪/૨૪૪૫** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| પેટા પ્રશ્ન ૭ | ઉપરોક્ત સંદર્ભે તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કાયદાનુ પાલન ન કરતા કારખાનાઓ સામે શું પગલા લેવામાં આવ્યા? (વર્ષવાર) |
| **જવાબ** | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિ એ વડોદરા શહેર/જિલ્લામાં<br>(૧) ઉપરોક્ત સંદર્ભે વર્ષ-૨૦૨૨ દરમ્યાન વડોદરા શહેર/જિલ્લામાં કુલ ૦૨ કારખાના સામે ૦૨ ફોજદારી કેસ નામદાર અદાલતમાં દાખલ કરેલ છે, જે પૈકી કુલ-૦૦ ફોજદારી કેસોનો નિકાલ થયેલ છે અને કુલ-૦૨ કેસ પડતર છે તથા કુલ - ૦૩ કારખાનાને પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે.<br>(૨) વર્ષ-૨૦૨૩ દરમ્યાન વડોદરા શહેર/જિલ્લામાં કુલ ૦૨ કારખાના સામે ૦૪ ફોજદારી કેસ નામદાર અદાલતમાં દાખલ કરેલ છે, જે પૈકી કુલ-૦૨ ફોજદારી કેસોનો નિકાલ થયેલ છે અને કુલ-૦૨ કેસ પડતર છે અને કુલ રૂ. ૨૦,૦૦૦/- દંડ થયેલ છે તથા કુલ -૦૭ કારખાનાને પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે.<br>તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વલસાડ શહેર/જિલ્લામાં<br>(૧) વર્ષ-૨૦૨૨ દરમ્યાન વલસાડ શહેર/જિલ્લામાં કુલ ૦૨ કારખાના સામે ૦૨ ફોજદારી કેસ નામદાર અદાલતમાં દાખલ કરેલ છે. જે પૈકી કુલ-૦૨ ફોજદારી કેસોનો નિકાલ થયેલ છે અને કોઇ કેસ પડતર નથી અને કુલ રૂ. ૧,૫૦,૦૦૦/- દંડ થયેલ છે તથા કુલ -૦૫ કારખાનાને પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે.<br>(૨) વર્ષ-૨૦૨૩ દરમ્યાન વલસાડ શહેર/જિલ્લામાં કુલ ૦૨ કારખાના સામે ૦૨ ફોજદારી કેસ નામદાર અદાલતમાં દાખલ કરેલ છે. જે પૈકી કુલ-૦૦ ફોજદારી કેસોનો નિકાલ થયેલ છે અને કુલ-૦૨ કેસ પડતર છે તથા કુલ - ૦૯ કારખાનાને પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ છે. |

**મેઈન પેજ પર જાઓ**

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: ૦૮ | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:**૧૫/૪/૨૪૪૫** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| | |
| પેટા પ્રશ્ન ૮ | તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા અને વલસાડ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન કેટલા કેસ નોધાયા અને કેટલા કેસોનો નિકાલ થયો તથા હાલમાં કેટલા કેસો પડતર છે ? |
| **જવાબ** | તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ<br>**વડોદરા** જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન કુલ-૪૮૦ કેસ નોંધાયેલ, કુલ-૨૪૭ કેસોનો નિકાલ થયો તથા હાલમાં કુલ-૨૩૩ કેસો પડતર છે<br><br>તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ<br>વલસાડ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન કુલ-૧૫૫૧ કેસ નોંધાયેલ, કુલ- ૧૫૦૬ કેસોનો નિકાલ થયો તથા હાલમાં કુલ- ૪૫ કેસો પડતર છે |

**મેઈન પેજ પર જાઓ**